
India ECHOES ONE WORLD ONE HUMANITY 2011

વર્ષ ૪ અંક ૧ જાન્યુઆરી ૨૦૧૧

શ્રી રામચંદ્ર મિશન

## નૂતન વર્ષનાં વધામણાં – હેપી ન્યુ યર



વર્ષ ૨૦૧૦ના અંતે, મણપાક્કમ આશ્રમમાં પૂ.માસ્ટર સાથે સમય વીતાવવા માટે અભ્યાસીઓ ઉમટી પડ્યાં હતાં. આ સમય હતો, નિરીક્ષણનો તથા તૈયાર રહેવાનો કે જેથી આપણે નવા વર્ષનો સામનો કરી શકીએ, દરરોજ આપણને જે તક સતત મળી રહી છે, તેને વધાવી શકીએ અને 'તેઓ' આપણને જે બનાવવા ઈચ્છે છે, તે બનવા, પરિવર્તન પામવા મળતી તકનો ઉપયોગ કરીએ. આશ્રમમાં ઝળહળતો પ્રકાશ કરવામાં આવ્યો હતો અને અભ્યાસીઓને એકબીજાને મળવાનો અને અભિવાદનનો અવસર મળી ગયો હતો.

પૂ.માસ્ટર સવારે વહેલા ઉઠીને તૈયાર થઈ ગયા હતા અને તેમનું અભિવાદન કરવા આવતા અભ્યાસીઓને મળતા હતા. ૧લી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ સવારના સત્સંગમાં ૭૦૦૦ અભ્યાસીઓ હાજર હતા. ભાઈ પી.આર.ક્રિષ્નાએ ટૂંકાણમાં વક્તવ્ય આપ્યું અને પછી પૂ.માસ્ટરે સંગીતકારો, ભાઈ કુમારેશ તથા બહેન જયંતીનું સન્માન કર્યું.

## દિવાળીનો ઉત્સવ

પૂ.માસ્ટર મણપાક્કમમાં હતા અને તેમની સાથે રહેવા લગભગ ૧૦૦૦ અભ્યાસીઓ આવી પહોંચ્યા હતા. પાંચમી નવેમ્બરે દિવાળી હતી અને આશ્રમમાં ખુશી અને આનંદ સાથે તે ઉજવાઈ હતી. સવારનો સત્સંગ પૂ.માસ્ટરે કરાવ્યો અને આપણા હૃદયમાં પ્રેમસભર દીપ પ્રગટાવ્યો.

રંગબેરંગી રંગોળી અને દિપકથી માસ્ટર્સ કોટેજને ચારેબાજુએથી શણગારવામાં આવ્યું હતું.

૧૦ મી નવેમ્બરના રોજ મણપાક્કમ આશ્રમમાં પૂ.માસ્ટરે ૧૫ લગ્નો કરાવ્યા હતા. અતિ પ્રસન્નતા તથા આનંદ સાથે તેમણે કેટલાંક યુગલોને સલાહ આપી કે આધ્યાત્મિક લગ્ન દ્વારા તેમણે જે હાથ જોડ્યા છે, તેને છોડવા નહીં.



## હૈદરાબાદ – ૧૧ થી ૧૮ નવેમ્બર

૧૧ મી એ સવારે હૈદરાબાદ આંતરરાષ્ટ્રીય વિમાનમથકે આગમનની સાથે જ પૂ.માસ્ટર લગભગ ૨૦ કિ.મી. દૂર આવેલા કાન્હા શાંતિ વનમ પ્રોજેક્ટ તરફ હંકારી ગયા હતા. તેઓ થાકેલા લાગતા હતા પરંતુ પ્રસન્ન જણાયા. વૃક્ષોથી ઘેરાયેલી નાની પણ સુંદર કુટિરમાં તેઓ ચાલીને ગયા. જ્યારે કોઈએ તે સ્થળની પ્રશંસા કરી, ત્યારે પૂ.માસ્ટરે ભવિષ્યની ભવ્યતા તરફ અંગુલીનિર્દેશ કરતાં કહ્યું કે આ તો હજુ પારણામાં ઝુલતા રામ જેવું છે. તેમણે બપોરનું ભોજન હૈદરાબાદમાં રહેતા તેમના કોલેજકાળનાં મિત્ર, શ્રી ડી.એસ.રાવ સાથે લીધું. પૂ.માસ્ટર અને શ્રી રાવને બનારસ હિંદુ યુનિવર્સિટીમાં વિતાવેલા દિવસોનાં સંભારણા વાગોળતાં જોવાં, તે ક્ષણ આહ્લાદક હતી. સાંજે તેઓ એક સ્થાનિક અભ્યાસીનાં ઘરે, રાત્રિ મુકામ માટે પ્રસ્થાન કરી ગયા હતા.

બીજા દિવસે પૂ.માસ્ટર તુમકુંટા આવ્યા અને અભ્યાસીઓ તથા બાળકોએ તેમનું શિસ્તબધ્ધ રીતે અભિવાદન કર્યું. સાંજે પાંચ વાગ્યે પૂ.માસ્ટરે આંધ્રપ્રદેશનાં વિવિધ સ્થળોએથી આવેલા ૫૦૦૦ અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો.

શનિવારે, પૂ.માસ્ટર સવારે ઘણા વહેલા જાગીને બહાર આવ્યા અને હીંચકા ઉપર બેઠા, જેનો વહેલાં આવેલાં અભ્યાસીઓએ ભરપૂર આનંદ ઉઠાવ્યો. પછીથી, જેવા તેઓ ધ્યાનકક્ષ તરફ આગળ વધ્યા કે એક યુવતીએ તેમનું અભિવાદન કરતાં કહ્યું, "પૂ.માસ્ટર, આપનો આજનો દિવસ શુભ હો!" પૂ.માસ્ટરે તેણી તરફ જોઈને કહ્યું, "નહીં, હું અહીં તમને સૌને શુભ દિવસ આપવા આવ્યો છું." નવ વાગ્યે સત્સંગ બાદ, અભ્યાસીઓનાં અભિવાદનનાં પ્રત્યુત્તરમાં પૂ.માસ્ટરે જણાવ્યું કે હું આધ્યાત્મિક સ્વાસ્થ્યની કાળજી રાખું છું. તમારે સૌએ આધ્યાત્મિક સ્વાસ્થ્યમાં રહેવું જોઈએ અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય જાળવવું જોઈએ.

પૂ.માસ્ટરે, ૫૫૦૦ અભ્યાસીઓને રવિવારનો સત્સંગ કરાવ્યો. ધ્યાનકક્ષ છોડતાં પહેલાં તેમણે એક વયોવૃધ્ધ અભ્યાસી, કે જેઓ હમણાં બિમાર હતાં, તેમની જોડે વાતો કરી. તેમના દ્વારા વ્યક્ત પ્રેમ અને કાળજી હૃદયસ્પર્શી હતા. પૂ.માસ્ટરે તેમને કહ્યું કે જેમ જેમ આપણી ઉંમર થાય, તેમ તેમ આપણને વ્યક્તિગત શિસ્તની અતિ આવશ્યકતા રહે છે.









ઘણી બધી માતાઓ તથા સગર્ભાઓ પૂ.માસ્ટરનાં આશીર્વાદ માટે કતારમાં ઊભી હતી. પૂ.માસ્ટરે તેમને કહ્યું, "વિશ્વમાં સહજમાર્ગી બાળક લાવો અને લાવ્યા બાદ, તે બાળક તમારું છે તેવો દાવો ન કરતા. યાદ રાખો, તે બાળક સહજમાર્ગ માટે છે."

પૂ.માસ્ટરે બાળકો જોડે સમય વિતાવ્યો. બાળકો તો બાળદિનના આ દિવસે સવારથી જ, વખાણવાલાયક શિસ્ત સાથે તેમની રાહ જોતાં હતા. તેમણે બાળકોને કહ્યું, ''હંમેશાં યાદ રાખો, તમે સહજમાર્ગનાં બાળકો છો. બધાને પ્રેમ કરજો. પ્રેમથી વિકસજો. માબાપની અને વડીલોની આજ્ઞા માનજો. પૂ.બાબુજી મહારાજનાં આશીર્વાદ તમને બધાને મળે.''

સોમવાર, નવેમ્બર ૧૫ ના રોજ, પૂ.માસ્ટરે એક અભ્યાસીની કંપનીના નવા મકાનમાં સત્સંગ કરાવ્યો. ત્યારબાદ તેઓ દોમલગુડા આશ્રમ ગયા અને જેવા તેઓ પ્રવેશ્યા કે તેમની નજર બાબુજી મહારાજની એ છબી પર પડી કે જે છબી, બાબુજીએ મે, ૧૯૬૭માં દોમલગુડા આશ્રમનું ઉદઘાટન કર્યું, ત્યારની હતી. ત્યારબાદ તેમણે ૫૦૦ અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો.

દોમલગુડા આશ્રમ શહેરનાં ઉત્તરીય ભાગમાં ઝોનલ આશ્રમ અને દક્ષિણમાં કાન્હા પ્રોજેકટની વચ્ચે હોવાથી પૂ.માસ્ટરની ભવિષ્યની મુલાકાતો દરમિયાન આ સ્થળ એક વિશ્રાંતિ સ્થળ બની શકે છે. પૂ.માસ્ટરે હળવાશથી ઝોનલ આશ્રમને ઉત્તર કૈલાશ કહ્યો, કાન્હાને દક્ષિણ કૈલાશ કહ્યો અને દોમલગુડા આશ્રમને મધ્ય કૈલાશ કહ્યો.

તેઓ કાન્હા પ્રોજેકટને સંલગ્ન કાર્યકરોને મળ્યા અને કેટલીક યોજનાઓની ચર્ચા કરી. જ્યારે તેમણે પ્રથમ યોજના જોઈ, ત્યારે તે તેમની વિચારણાને અનુરૂપ હોવાથી તેઓ પ્રસન્ન જણાયા. તેમણે કહ્યું, ''જુઓ, ઉચ્ચતમ હેતુ સિધ્ધ કરવાનો હોય ત્યારે પ્રકૃતિ જ અનુકૂળ થઈ જાય છે.'' પૂ.માસ્ટર તુમકુંટા આશ્રમ જવા રવાના થયા અને ત્યાં ૪ વાગ્યે પહોંચી ગયા.

૧૬ મી ની બપોરબાદ વાતાવરણ વાદળિયું થયું અને સાધારણ છાંટણા થયા. પૂ.માસ્ટર હિંચકા પર બેઠા અને કેંટીનમાં શું બને છે, તેની પૃચ્છા કરી. કોઈક ગરમ નાસ્તો લાવ્યું, જે પૂ.માસ્ટરે થોડો ચાખ્યો અને વરસાદમાં દ્વારની બહાર ઊભેલા અભ્યાસીઓમાં તેને વહેંચવા કહ્યું.

સાંજે ભારતીય હવાઈદળમાં કામ કરતાં અભ્યાસીઓનું જૂથ પૂ.માસ્ટરને મળવા આવ્યું. પૂ.માસ્ટર તેમને મળીને પ્રસન્ન થયા. તેમણે સસ્મિત કહ્યું, ''જે લોકો આકાશમાં ઉડવા ટેવાયેલાં છે, તેઓ શું નીચે બેસી શકશે ?'' તેમણે તેઓને કુટિરમાં સીટીંગ આપી.

૧૭ મીએ બકરીઈદની રજા હોવાથી અભ્યાસીઓનો ધસારો વધુ હતો. પૂ.માસ્ટરે સવારના ૯ વાગ્યે સત્સંગ કરાવ્યો અને એક હૈદરાબાદી યુગલની સગાઈ કરાવી. ભાઈ ચક્રપાણીએ અદભુત પ્રવચન આપતાં 'જતું કરવાનું' વલણ વ્યવહારમાં અપનાવવા કહ્યું; તેમણે ટ્રસ્ટીશીપનું વલણ અપનાવવાની જરૂરિયાત પણ જણાવી.

સાંજના સત્સંગ પછી બહેન સૌમ્યાએ બાળવિભાગમાંની તેમની પાંચ સહયોગીઓ સાથે ભારતનાટયમની રજૂઆત કરી, જે પૂ.માસ્ટરે પોતાના નિવાસસ્થાનેથી નિહાળી.

તા.૧૮ મીએ પૂ.માસ્ટર લોકોને મળવામાં, સિટીંગ આપવામાં તથા કોમ્પ્યુટર ઉપર અતિ વ્યસ્ત રહ્યા. એ દેખીતું છે કે માથાનાં સખત દુ:ખાવા વચ્ચે પણ માત્ર ઈચ્છાશકિતથી તેઓ કેવીરીતે કાર્ય કરે છે. તેમણે બપોર પછી ૨.૩૦ વાગ્યે ચેન્નાઈ તરફ પ્રસ્થાન કર્યું.

## એશિયા સેમિનાર

તા. ૨૯ નવેમ્બરથી ૩ ડિસેમ્બર ૨૦૧૦ દરમિયાન ચીન, હોંગકોંગ, ઈન્ડોનેશિયા, જાપાન, કોરિયા, મકાઉ, નેપાળ, ફિલીપીન્સ, શ્રીલંકા, તૈવાન, થાઈલેન્ડ અને વિયેટનામના લગભગ ૨૫૦ અભ્યાસીઓ માટે એશિયા સેમિનાર યોજાયો હતો, જેમાં ભાઈ પી.આર.ક્રિષ્ના, ભાઈ ચક્રપાણિ, બહેન શ્રીમતી રાઠોડ અને ભાઈ એન.પ્રકાશે વકતવ્યો આપ્યા હતા. ૨૮મી નવેમ્બરે સત્સંગ પછી પૂ.માસ્ટરે મલેશિયા ખાતેના એશિયાના સર્વપ્રથમ (ભારત બહારના) આશ્રમની જાહેરાત કરી. તેમના ઉદઘાટન વકતવ્યમાં પૂ.માસ્ટરે ચારિત્ર્ય ગઠન વિશે કહ્યું, "બાબુજીએ કહ્યું છે કે હું તમારી અંદરના કંઈ પણને બદલી શકું છું, તમને અતિ ભવ્ય, તેજસ્વી, દેદીપ્યમાન, પ્રેમસભર ઉચ્ચતમ સુધી લઈ જઈ શકું છું. બાહ્ય દુનિયા સાથેનો વ્યવહાર એ તમારી સમસ્યા છે. તમારી પાસે ઈચ્છાશક્તિ છે, તમારી પાસે મનુષ્યજાતને મળેલી દુર્લભ બુદ્ધિશક્તિ છે... માત્ર તેમને જ સાંભળો, બીજું જોવા છતાં માત્ર તેમને જ જુઓ, તેઓ તમને જે કરવાનું કહે છે, માત્ર એ જ કરો, તેમનાથી કદીય દૂર થશો નહીં. તેમને અનુસરો અને પછી તમને ખબર પણ નહીં રહે, કે જ્યારે મા આવે, ત્યારે તમે એક નાના બાળકની જેમ તેના ખોળામાં જ હશો."







પૂ.માસ્ટરે અભ્યાસીઓ સાથે કેટલોક સમય ગાળ્યો. તેમણે પ્રથમ દિવસે નવા અભ્યાસીઓને મળવા બોલાવ્યા. ચીનનાં અભ્યાસીઓને અનેક પ્રશ્નો હતા અને પૂ.માસ્ટરે ધૈર્યપૂર્વક તેના જવાબો આપ્યા. ભાષાંતર કરી શકે તેવા દુભાષિયાઓ પણ ત્યાં હાજર હતા. કેટલીકવાર પછી એવું થતું કે દુભાષિયો હજુ પ્રશ્નનું ભાષાંતર પૂરું કરે, તે પહેલાં તો પૂ.માસ્ટર જવાબ આપવાનું શરૂ કરી દેતા હતા. આશ્ચર્ય તો એ હતું કે ચાઈનીઝ અભ્યાસીઓ, કે જેઓ અંગ્રેજી જાણતા નહતા અને માત્ર ચાઈનીઝ જ જાણતા હોવા છતાં જાણે સમજતાં હોય, તેમ માથું હલાવતા હતા.

એક અભ્યાસીએ પૂ.માસ્ટરને પૂછ્યું કે ચીનમાં સહજમાર્ગ કેવીરીતે પ્રસારવો કારણકે ત્યાં લોકો હજી સહજમાર્ગ તરફ ઝૂકયા નથી. પૂ.માસ્ટરે જણાવ્યું કે લોકોને આકર્ષવા માટે આપણે આદર્શરૂપ બનવાનું છે અને ખરેખર તો ચિંતા કરવાની કોઈ જરૂર નથી કે ગભરાવાની પણ કોઈ જરૂર નથી.

તેઓ જુદા જુદા દેશોના ૫૮ પ્રશિક્ષકોને મળ્યા અને પ્રશિક્ષકના કાર્યના સંદર્ભમાં તેમણે ઘણાં પ્રશ્નોના સરળ જવાબ આપ્યા. તેમની ઓફિસની રૂમમાં ટેલીકાસ્ટ થતા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ તેમણે નિહાળ્યા.

પૂ.બાબુજીની મલેશિયા અને સિંગાપોરની મુલાકાત, તેમજ પૂ.માસ્ટરની સિંગાપોર, મલેશિયા, જાપાન અને ચીનની મુલાકાતની ૨૦ મિનીટની ફિલ્મ દર્શાવવામાં આવી હતી. પૂ.માસ્ટરની ઈચ્છા છે કે દરેક પ્રદેશમાં આવી ફિલ્મ બને.

પૂ.માસ્ટરે ૩જી ડિસેમ્બરે સત્સંગ કરાવ્યો અને તેમનું સમાપન વકતવ્ય આપ્યું. ફ્રેન્ચ અન ચાઈનીઝ એક્ષચેન્જ કાર્યક્રમથી અભ્યાસીઓન શીખવાની ઘણી તક મળી. દરેક સેન્ટર છેલ્લાં વર્ષોમાં શું કરી રહ્યું છે, તે રજૂ કરી રહ્યું હતું. ઘણાં બધાં વિચારો મળ્યાં અને હૈયાં પ્રેમસભર થઈ ગયાં અને તે સાથે દરેક અભ્યાસીને આ સેમિનારમાંથી નવચેતના મળી અને દરેકે પોતાના દેશમાં જઈને મિશન માટે વધુ કાર્ય કરવાની હૈયાધારણ આપી.

## પૂરની ચેતવણી

ભારે વરસાદને કારણે મણપાક્કમ, મુગલીવકામ અને ગૌરીનગરનાં નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણીનો ખતરો ઊભો થયા હતો. આશ્રમની આજુબાજુ રહેતા કેટલાંક અભ્યાસીઓનાં ઘરમાં પણ પાણી ફરી વળ્યા હતા. પૂ.માસ્ટરે સૌને આશ્રમ છોડીને જવાનું કહ્યું તથા બહારગામથી આવનારા અભ્યાસીઓને તેમની મણપાક્કમ આશ્રમની મુલાકાત રદ કરવા કહ્યું. વરસાદ બંધ ન થાય તથા પૂરનાં પાણી ઓસરી ન જાય, ત્યાં સુધી આશ્રમ બંધ રાખવામાં આવ્યો હતો. આ કટોકટીમાં પૂ.માસ્ટરનો પ્રેમ અને ચિંતા સતત જણાતા હતા.










## ચુરોપિયન સેમિનાર ૧૮ થી ૨૩ ડિસેમ્બર ૨૦૧૦

સતત બરફવર્ષાને કારણે મોટાભાગનાં મુખ્ય ચુરોપિયન વિમાનમથકો બંધ હોવા છતાં, ૧૨૦૦ થી વધારે અભ્યાસીઓ મણપાક્કમ પહોંચી ગયા હતા.


આ જાતનાં પ્રથમ સેમિનારને વેગ આપતા, પૂ.માસ્ટરે સૌને આહવાન આપ્યું કે પોતાની જાતનો સામનો કરવાની હિંમત કેળવો અને માનવતાનું ભવિષ્ય બદલવા માટે શું કરવું તેનું ચિંતન કરો. "આ સેમિનાર દ્વારા તમને સમયની વાસ્તવિક ગંભીરતા જણાશે, એકબીજા સાથે અર્થહીન વાતોમાં સમય તથા શકિત વેડફશો નહીં. સમયનો ઉપયોગ સ્વ સાથે જોડાવા માટે કરો. આત્મનિરીક્ષણ કરો, ખરા – દિલથી કરો, ઊંડાણપૂર્વક કરો, તૈયાર રહો, તમારું દિલ જે જવાબ આપે, તેનો સ્વીકાર કરો."

પૂ.માસ્ટરનાં આહવાન સાથે સુસંગત હોય, તે રીતે કાર્યક્રમમાં ત્વરીત કેટલાંક ફેરફાર કરવામાં આવ્યા. કેટલીય મૌન ક્રિયાઓ સૂચવવામાં આવી, જે આ સેમિનારનું મુખ્ય અંગ બની ગયું. આવી શાંત ક્રિયાઓ ઉપરાંત દિવસ દરમિયાન ત્રણ સત્સંગ થતા હતા અને પૂ.માસ્ટર દ્વારા પસંદ થયેલા વકતાઓએ પસંદ થયેલા વિષય પર વકતવ્ય આપ્યું હતું. ભાઈ ચક્રપાણિએ 'જીવનનો સાગર', ભાઈ પી.આર. ક્રિષ્નાએ 'પૂ.માસ્ટર અને હું', ભાઈ બાલાસુબ્રમણ્યમે 'ગુરુ અને શિષ્ય' અને ભાઈ કમલેશ પટેલે 'સાચો અભ્યાસ' વિષય પર વકતવ્ય આપ્યું હતું.

જો કે દરેક બેઠકમાં પૂ.માસ્ટર શારીરિક રીતે હાજર નહતા, પણ તેમણે બધા વકતવ્યો વિડિયો પ્રસારણ વ્યવસ્થાને કારણે પોતાના કક્ષમાંથી જ સાંભળ્યા હતા. સેમિનાર દરમિયાન પૂ.માસ્ટરે ઔપચારિક બેઠક વખતે કે પોતાના કક્ષમાંની અનૌપચારિક બેઠક વખતે આનંદ વ્યકત કર્યો હતો. ગંભીર વિષય ઉપર પણ જેની સરખામણી ના થઈ શકે તેવી સમજણ આપી હતી. ગૃહસ્થ જીવન તથા જાતીયતા ઉપર કેટલીક પરંપરાગત અને સામાજીક માન્યતાઓનો હિંમત સાથે પ્રતિકાર કરવાની સમજણ આપી હતી.

હાલના બર્લિન આશ્રમની જગ્યા પર તેમણે ચુરોપમાં પ્રથમવાર 'ફેસ્ટ' ચોજવાની જાહેરાત કરી અને તેમણે ૨૦૧૧ નાં વસંતમાં પુખ્તવયનાં યુવાન અભ્યાસીઓ માટે 'માનવી શું છે અથવા માનવી કોને કહેવાય' તે વિષય ઉપર પ્રથમ બેઠક યોજવાનું જણાવ્યું. તેમણે વ્રાદ્સ સનડે આશ્રમ(ડેન્માર્ક)ની હાલની જગ્યામાં જ ચુરોપના સર્વપ્રથમ 'રિટ્રીટ' સેન્ટરની પણ જાહેરાત કરી. સમાપન વકતવ્યમાં તેમણે પોતાનામાં જ 'જીવનનો આનંદ' સર્જવાનું કહ્યું તેમજ આ અવસ્થામાં જ ઘરે પાછા જવાનું કહ્યું અને ચુરોપ ભારતનો જ ભાગ છે, એવી લાગણી સાથે જવા કહ્યું.


# નવીન પ્રકાશનો





મેસેજીસ યુનિવર્સલ – પાકું પૂઠું





મેસેજીસ યુનિવર્સલ





હાર્ટસ્પીક ૨૦૦૫
તમિલ





હાર્ટસ્પીક ૨૦૦૬
તેલુગુ




અવેકન અવર કોન્શ્યસનેસ
DVD અંગ્રેજી




અ સેલીબ્રેશન – ધ હાર્ટ્સ એક્સપ્રેશન ઓફ ઈટ્સગ્રેટીટ્યુડ
DVD અંગ્રેજી




અવેકન ટુ ધ ટ્રુથ
DVD અંગ્રેજી

બધી DVDમાં નીચેની ભાષાઓમાં સબ–ટાઈટલ છે:અંગ્રેજી, ફ્રેન્ચ, સ્પેનીશ, જર્મન, ઈટાલિયન, રશિયન, તમિલ, તેલુગુ, હિન્દી અને કન્નડા.

# જાહેરાતો

## ક્રેસ્ટ – બર્લિન, જર્મની

પૂ.માસ્ટરે બર્લિન, જર્મનીમાં આવેલી સહજ માર્ગ સ્પીરીચ્યુઅલ ફાઉન્ડેશનની એક જમીનને યુરોપના ક્રેસ્ટ (સેન્ટર ફોર રિસર્ચ, એજ્યુકેશન, સાધના એન્ડ ટ્રેનીંગ) સેન્ટર તરીકે જાહેર કરી છે. આ ક્રેસ્ટના ડાયરેક્ટર તરીકે તેમણે ભાઈ ક્રિસ્ટીન મેકનટાઝની નિમણૂંક કરી છે.

## સતખોલ ૨૦૧૧ માટેના અરજીપત્રો

જાન્યુઆરીથી માર્ચ ૨૦૧૧ દરમિયાન સતખોલ જવા માટેના અરજીપત્રો ઓનલાઈન નીચેની લીન્ક પર ઉપલબ્ધ છે:

http://www.sahajmarg.org/smww/satkhol/application-guidelines

અરજીપત્ર ભરો, તે પહેલાં સૂચનાઓ જોઈ લેવા વિનંતી.

જો આપની પાસે ઈન્ટરનેટ સેવા ન હોય, તો મહેરબાની કરીને તમારા પ્રશિક્ષક, સેન્ટર–ઈન–ચાર્જ અથવા ઝોન–ઈન–ચાર્જનો સંપર્ક કરવો. જો આપને કોઈ પ્રશ્ન હોય, તો સતખોલ ખાતેની એડમીનીસ્ટ્રેશન ઓફિસ ખાતે નીચેના નંબર પર ફોન કરવો: 044 2252 1099 or 044 4217 1111; ext. 218.

# ભૂતકાળમાં ડોકિયું



## પૂ.બાબુજીની ૮૫મી જન્મજયંતિનો ઉત્સવ,ચેન્નાઈ, ૧૯૮૪

બાબુજી મહારાજની મહાસમાધિ પછી પ્રથમ મહા ઉત્સવ તેમની જન્મજયંતિ પર થયો હતો, જેમાં ભારત તેમજ વિદેશમાંથી ૩૫૦૦થીય વધારે અભ્યાસીઓએ ભાગ લીધો હતો. આ ઉત્સવનું સ્થળ ચેન્નાઈના વડપલાની વિસ્તારનું વિજયશીશમહલ હતું. ઉત્સવ સ્થળ નજીક આવેલા લગ્નના હોલમાં અભ્યાસીઓનો ઉતારો રાખવામાં આવ્યો હતો અને અભ્યાસીઓને ત્યાંથી લઈ જવા–આવવા માટે વાહનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ૨૯ એપ્રિલના રોજ ઉત્સવનો પ્રારંભ થયો હતો અને તેની પૂર્ણાહુતિ મેની પહેલીએ થઈ હતી. પૂ.માસ્ટરે દરરોજ, સવાર અને સાંજના સત્સંગ કરાવ્યા હતા. ઉત્સવના દરેકે દરેક પાસામાં તેઓ ખૂબ જ પ્રવૃત્ત રહેતા હતા અને તેમના પત્ની, બહેન સુલોચના પણ તેમની સાથે એટલા જ પ્રવૃત્તમય હતા. ‘તેમની’ કૃપાથી વાતાવરણમાં દિવ્યતા, આનંદ, પ્રેમ અને ભાઈચારો છવાઈ ગયો હતો. પૂ.માસ્ટરના પિતાજી, શ્રી સી.એ.રાજગોપાલાચારીજી પણ આ ઉત્સવ દરમિયાન હાજર હતા. પૂ.બાબુજીના સંદેશાઓની એક નાની પુસ્તિકા પણ ઉત્સવ દરમિયાન પ્રકાશિત કરવામાં આવી હતી.

પૂ.માસ્ટરે "ધ ટાસ્ક અહેડ (હવે પછીનું કાર્ય)" વિશે વકતવ્ય આપ્યું હતું, જેમાં તેમણે બાબુજીના આપણા સર્વ માટેના દિવ્ય સ્વપ્નની યાદ દેવડાવી હતી. તે સ્વપ્નને વાસ્તવિકતામાં બદલવા માટે અને બાબુજીએ આપણને જે લક્ષ્ય ચીંધ્યું હતું, ત્યાં સુધી પહોંચવા માટે આપણી સમક્ષ રહેલા કાર્યની તેમણે યાદ અપાવી હતી. મિશનના ઈતિહાસમાંના આ વિશેષ સંદેશમાં તેમણે આપણને કહ્યું હતું, કે આ કાર્ય અવશ્ય થવું જ જોઈએ કારણકે તે "તેમની મરજી" છે. પરિવર્તનની અનિવાર્યતા આપણા હૃદયમાં આશારૂપે પરિવર્તિત થાય છે અને આપણને વચન આપે છે કે આપણને તેઓ જેવા બનાવવા માગે છે, તેવા આપણે બનીએ. આથી, ભવિષ્યના હજારો વર્ષો સુધી માનવતાની જરૂરિયાતોની સેવા કરતા રહીએ, એ આપણને મળેલો આધ્યાત્મિક વારસો છે, જે એક પવિત્ર જવાબદારી છે અને તેને આપણે સાચવી રાખવાનો છે, તેમજ દુનિયાભરના, પેઢી દર પેઢીના આધ્યાત્મિક જિજ્ઞાસુઓ સુધી તેને નિર્ભેળ, તેના શુદ્ધ સ્વરૂપે પહોંચતો રાખવાનો છે. અંતે, તેઓ આજીજીપૂર્વક આપણને તે બુલંદ સાદ પ્રતિ લક્ષ આપવાનું કહે છે, "ઊભા થાઓ! જાગો! જ્યાં સુધી તેમના સંતોષ પ્રમાણે આ કાર્ય ન થાય, ત્યાં સુધી જંપશો નહીં!"

(૨૪ જુલાઈ ૨૦૦૭ની વિશેષ કૃતિ "એન્ડ હી માર્ચીઝ ઓન"માંથી અંશત:)

# પ્રકાશનાં નવાં કેન્દ્રો

## ઉડુમલપેટ



ઉડુમલપેટમાં કેન્દ્રની શરુઆત એપ્રીલ ૧૯૯૦માં થઈ હતી. હવે ત્યાં ૧૫૦ અભ્યાસીઓ અને ૩ પ્રશિક્ષકો છે. રાજાવુરમાં આવેલો ઉડુમલપેટનો આશ્રમ ગ્રામ્યજીવનની ઘણી જ શાંત જગ્યામાં આવેલો છે અને પૂ.માસ્ટરે એનું નામ 'શાંતિ આશ્રમ' આપેલું છે. તે શહેરની મધ્યથી લગભગ ૬ કિ.મી.ના અંતરે આવેલો છે.

એક વર્ષ પહેલાં ત્યાં માસ્ટરની ઓફિસનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું અને આશ્રમ માટેની જગ્યાની નોંધણી પણ કરવામાં આવી હતી. લગભગ પાંચ એકરની જગ્યા આશ્રમની ઈમારતો માટે ફાળવવામાં આવી હતી અને ખેતીની આઠ એકર જમીનનું અભ્યાસીઓનાં મકાનો માટે વિતરણ કરવામાં આવ્યું હતું.

પાંચ ડિસેમ્બર, ૨૦૧૦ના રોજ ભાઈ એન. પ્રકાશે હાજર રહેલા લગભગ ૭૫ અભ્યાસીઓને પહેલો સત્સંગ કરાવ્યો હતો. મેડિટેશન હોલ ૬૦x૪૦ ફૂટનો છે અને એમાં ૩૦૦ અભ્યાસીઓ બેસી શકે છે.

## ડિંડીગુલ



આ કેન્દ્રની શરુઆત માર્ચ ૧૯૯૧ માં થઈ હતી અને શરુઆતમાં એક અભ્યાસી બહેનના ઘરમાં સત્સંગ કરાવવામાં આવતો હતો. અભ્યાસીઓની સંખ્યામાં વધારો થતો ગયો, તે પછી રવિવારના સત્સંગનું સ્થળ અમલાદેવી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું હતું.

વથપરઈ ખાતે આશ્રમ માટેની જગ્યા ૨ વર્ષ પહેલાં પ્રાપ્ત થઈ હતી અને તે શહેરથી ૧૫ કિ.મી. દૂર આવેલી છે. વથપરઈમાં અને આજુબાજુના વિસ્તારમાં જૂઈનાં ફૂલોના ઘણા બગીચા અને નાળીયેરીનાં ઉપવન છે. આશ્રમ વથલન્કુન્ડુ રોડ પર આવેલો છે, જે તામિલનાડુના સુંદર હીલ સ્ટેશન કોડાઈકેનાલ જવાના રસ્તા પર છે.

નવો મેડિટેશન હોલ બંધાતો હતો, ત્યાં સુધી લગભગ બે વર્ષ સુધી આશ્રમની કામચલાઉ પર્ણકુટિરમાં સત્સંગ રાખવામાં આવતા હતા. મેડિટેશન હોલ ૬૦ x ૪૦ ફૂટનો છે અને ૩૦૦ લોકો બેસી શકે, એટલી ક્ષમતાવાળો છે. પૂ.માસ્ટરે પાંચમી ડિસેમ્બર, ૨૦૧૦ના રોજ નવો મેડિટેશન હોલ વાપરવાની પરવાનગી આપી હતી અને પહેલો સત્સંગ ભાઈ વિશ્વનાથ રાવે હાજર રહેલા લગભગ ૫૦ અભ્યાસીઓ સાથે કરાવ્યો હતો. બીજો સત્સંગ બપોરે એક વાગે ભાઈ એન. પ્રકાશે કરાવ્યો હતો. મહિનાનો પહેલો રવિવાર હોવાથી, પહેલા રવિવારના બીજા સત્સંગોની જેમ, આખા દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘણા અભ્યાસી ભાઈઓ અને બહેનો એ દિવસના વિષય, " હાર્ટ સ્પીક" પર અને આ વિષયને લગતા આધ્યાત્મિકતામાં એમને થયેલા અનુભવો વિશે બોલ્યા હતા. એ શરુઆત મંગલકારી હતી અને આખા દિવસનો એ કાર્યક્રમ અસરકારક રહ્યો હતો.

## થિરુવન્નમલઈ, તામિલનાડુ



ચેન્નાઈથી લગભગ ૧૮૫ કિ.મી. દૂર થિરુવન્નમલઈ ખાતે, પ્રકાશનું નવું કેન્દ્ર અસ્તિત્વમાં આવ્યું હતું. કન્નમંગલમના પ્રશિક્ષક ભાઈ વેલુએ લીધેલી મુલાકાતોથી લગભગ ૧૦ વર્ષ પહેલાં આ કેન્દ્રની સ્થાપના થઈ હતી.ત્યારથી જ એનો વિકાસ ધીમો હતો. માસ્ટર તરફથી મેડિટેશન હોલ બાંધવાની મંજૂરી મેળવ્યા પછી,ટૂંક સમયમાં જ એ કાર્ય સમાપ્ત કરવામાં આવ્યું હતું.

૧૪ મી નવેમ્બરે હોલનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. તામિલનાડુના ઝોન–ઈન–ચાર્જ ભાઈ એસ. પ્રકાશ અને આજુબાજુના વિસ્તારના અભ્યાસીઓ મેડિટેશનના હોલના ઉદઘાટનમાં હાજર રહ્યા હતા. પહાડીઓના સુંદર, શાંત અને હકારાત્મક વાતાવરણ સાથે હોલનું દ્રષ્ય ભવ્ય લાગે છે.

ભાઈ શન્મુગન, ભાઈ પ્રકાશ, ભાઈ લક્ષ્મીનારાયન અને ભાઈ થિરુનવુક્કરસુએ વકતવ્ય આપ્યાં હતાં અને સમાપન ભાષણ ભાઈ શ્રીરમણે કર્યું હતું.

## ગુલબર્ગાનો આશ્રમ પ્રોજેકટ

ગુલબર્ગા સેન્ટરે નવો આશ્રમ તથા રહેઠાણ કોલોનીની યોજના માટે ૩૪ એકરની જમીન ખરીદી છે. પૂ.માસ્ટરે ૧૬ મી નવેમ્બરે આશ્રમની જગ્યા માટેના નકશાની મંજૂરી આપી છે.એમણે ગુલબર્ગામાં બાંધવામાં આવનારા નવા આશ્રમને "બાબુજી મેમોરિયલ આશ્રમ,ગુલબર્ગા" અને રહેઠાણ કોલોનીને "યોગજીવન એન્કલેવ" નામ આપ્યાં છે. અત્યારે જે આશ્રમ છે, ત્યાંથી લગભગ ૭.૫ કિ.મી. દૂર આ જગ્યા આવેલી છે.

## ઈંદોર આશ્રમની જગ્યા



પૂ.માસ્ટરે ઈંદોરને ૩૦ એકરની નવી મોટી યોજનાથી ધન્ય બનાવ્યું છે. નવા આશ્રમની જગ્યા હાલના આશ્રમથી ૧૨ કિ.મી. દૂર આવેલી છે. ૧૪મી નવેમ્બરે નવા આશ્રમની જગ્યા પર આખા દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લગભગ ૬૦૦ અભ્યાસી ભાઈઓ અને બહેનો હાજર રહ્યા હતા.

## પરલખેમુંડી,ઓરિસ્સાનું નવું કેન્દ્ર

નવેમ્બર, ૨૦૧૦માં ઓરિસ્સા ઝોનના ગાજાપટ્ટી જીલ્લામાં પરલખેમુંડી ખાતે નવા કેન્દ્રની શરુઆત કરવામાં આવી હતી. પરલખેમુંડી અગાઉ એક રાજવી એસ્ટેટ હતું અને નવું કેન્દ્ર પરલખેમુંડી કેન્દ્રની ફરતે લગભગ પાંચ કિ.મી.ના ગોળાકારમાં ઊભું કરવામાં આવ્યું છે.

આ સેન્ટર ખાતે બે જૂથમાં ૧૯ અભ્યાસીઓએ ધ્યાન કર્યું હતું. આ જગ્યાએ એક પણ પ્રશિક્ષક ન હોવાથી, બીજા સેન્ટરોમાંથી પ્રશિક્ષક બોલાવીને અભ્યાસીઓને સેવા પૂરી પાડવામાં આવશે. ભાઈ સંતોષ સાહુ (સંપર્ક: ૦૯૯૩૭૦૮૦૭૦૭) આ પ્રવૃત્તિઓને કોઓર્ડિનેટ કરશે. ઓરિસ્સા ઝોનનું આ વીસમું સેન્ટર છે.

## હસ્સન કેન્દ્ર ખાતે ૧૦ મો વાર્ષિકોત્સવ

હસ્સન ખાતે એસઆરસીએમ સેન્ટરના ૧૦મા સ્થાપના દિનની યાદગીરીની ઉજવણી નિમિત્તે ૫મી ડિસેમ્બર ૨૦૧૦ના રોજ  આખા દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ચીકમંગલુર, તીપુર, બેંગલોર અને માયસોર જેવાં નજીકનાં સેન્ટરોમાંથી પણ અભ્યાસીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરુઆત સવારના સત્સંગથી થઈ હતી અને ત્યાર પછી "અભ્યાસીની ભૂમિકા" "દસ નિયમો", "સહજ માર્ગ પદ્ધતિ અને તેની સાદગી" અને "સહજમાર્ગ પદ્ધતિના પાયાના સિદ્ધાંતો" જેવા વિષયો પર અભ્યાસીઓએ વકતવ્યો આપ્યા હતા. બપોરના ભોજન પછી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેનાથી ભાગ લેનારાઓને સાધના વિશેની શંકાઓનું સ્પષ્ટીકરણ લાવવામાં મદદ મળી હતી. ગુરુજીને અભ્યાસીઓને લીધે ભોગવવી પડતી મુશ્કેલીઓ અને એમને કરવા પડતા ત્યાગ વિશે પણ વકતાઓએ સમજાવ્યું હતું. સાંજના સત્સંગથી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## ગૃહ સંમેલનો (હોમ ગેધરીંગ)

### તામિલનાડુ,થેની જીલ્લો



બોડિનઈકનુર અને કુમ્બુન વિસ્તારોમાં ૨૩મી,ઓકટોબર,૨૦૧૦ના રોજ ગૃહ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. તામિલનાડુ(દક્ષિણ)ના ઝોન–ઈન–ચાર્જ ભાઈ વિશ્વનાથ રાવે આ ગૃહ સંમેલનમાં હાજરી આપી હતી અને તેનું આયોજન ભાઈ આર.સુંદરમ અને બહેન સુભશ્રી શ્રીનિવાસને કર્યું હતું. બોડિનૈકનુરમાં,સંમેલન એક આશ્ચર્યમાં પરિણમ્યું હતું કારણકે કેટલાક અભ્યાસીઓ, જેઓ થોડાં વર્ષોથી અભ્યાસ નહોતા કરતા, એમણે નિયમિતરુપે અભ્યાસ ચાલુ રાખવાનું વચન આપ્યું હતું અને તેઓ આવતા થયા હતા.

કુમ્બુમમાં, મુન્નાર પર્વતોની તળેટીમાં આવેલા એક અભ્યાસીના ઘરમાં લગભગ ૪૦ લોકો ભેગા થયા હતા, ભાઈ સુંદરમે બધાજ આમંત્રિત લોકોને મિશનથી માહિતગાર કર્યા હતા.

### હૈદરાબાદ

વિવિધ સબ–સેન્ટરોમાં માસિક કે સાપ્તાહિક રીતે ગૃહ સંમેલનોનું આયોજન કરવામાં આવતું હોય છે. આવાં સંમેલનો, અભ્યાસીઓને માટે તથા જેમને આ પદ્ધતિમાં રસ છે, એ બંને માટે હોય છે. જેઓ અભ્યાસીઓ છે, એમને માટે હેતુ છે: એમના વિકાસનો માર્ગ ખુલ્લો કરવાનો, સહજમાર્ગના ત્રણ M (માસ્ટર,મિશન,મેથડ) પ્રત્યેની એમની જાગૃતતાને વધારે ગહન કરવાનો અને એકજ પરિવારની ભાવના ઉત્પન્ન કરવાનો.

આવા સંમેલનોમાં આધ્યાત્મિકતામાં રુચિ ધરાવતા પાડોશીઓ અને મિત્રોને આમંત્રિત કરીને સહજમાર્ગની પદ્ધતિથી માહિતગાર કરાવવામાં આવે છે. આવાં સંમેલનો અનૌપચારિક અને પારસ્પરિક ચર્ચાઓ માટે હોય છે અને તેનો હેતુ ભાગ લેનારાઓનો વિકાસનો માર્ગ ખુલ્લો થાય, તે માટે હોય છે.

હૈદરાબાદના સબ સેન્ટર મલ્કાજગીરીમાં,લગભગ ૩૦ અભ્યાસીઓ છેલ્લા કેટલાંક અઠવાડિયાંથી દર શનિવારે, સાધનાનાં વિભિન્ન પાસાંઓ પર ચર્ચાઓ કરવા મળે છે. એમાં જોવા મળ્યું છે કે દરેક અભ્યાસી નિખાલસ થવાનો પ્રયત્ન કરે છે અને વધારે પ્રવૃત્ત થઈને ઉત્સાહપૂર્વક સાધના કરવાનો પ્રયત્ન કરે છે.

### ઓરિસ્સા,અંગુલ ખાતે પારિવારિક સંમેલન

અભ્યાસીઓનાં પરિવારો વચ્ચે વધારે સાંનિધ્ય વિકસાવવા માટે અંગુલ સેન્ટર દ્વારા ૯ મી ડિસેમ્બરના રોજ એક અનૌપચારિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે સંમેલન અનૌપચારિક હોવા છતાં જીવનના આધ્યાત્મિક પાસા પર પ્રકાશ પાડનારું હતું. ભાગ લેનારાઓએ એમના આધ્યાત્મિક જીવનમાં આગળ વધવા માટે વિચારો,અનુભવો અને સૂચનોનું આદાનપ્રદાન કર્યું હતું. આ પ્રક્રિયામાં,સેન્ટરે એની યોજનાઓ તૈયાર કરવા માટે,એના વિકાસ માટે અને હેતુઓને સમર્થ  કરવા માટેનાં  ઉપયોગી સૂચનો મેળવ્યા હતાં. અભ્યાસીઓએ સેન્ટરના વિકાસ અને એની પ્રવૃત્તિઓ માટે યોજનાઓ તૈયાર કરવા માટે ઓછામાં ઓછું બે મહિને એક વાર આવાં સંમેલનોમાં મળવાનું નક્કી કર્યું હતું.

## કોઓર્ડિનેટર્સ માટે સેમિનાર, સુરત



સુરત કેન્દ્રે ૧૨મી ડિસેમ્બર, ૨૦૧૦ના રોજ કોઓર્ડિનેટર્સ માટે ઝોનલ સ્તરનો આખા દિવસનો સેમિનાર આયોજીત કર્યો હતો. સેમિનારનું આયોજન વિવિધ પ્રવૃત્તિઓ, જેવી કે હોમ ગેધરીંગ, ઓપન હાઉસ, વી.બી.એસ.ઈ., નિબંધ સ્પર્ધાઓ, સેટેલાઈટ કેન્દ્રોનો વિકાસ, વગેરે વિષે ચર્ચા કરવા અને સંશયો દૂર કરવા માટે થયું હતું. દક્ષિણ ગુજરાતના વિવિધ કેન્દ્રોમાંથી લગભગ ૮૪ કોઓર્ડિનેટર્સે આ કાર્યક્રમમાં ભાગ લીધો.

ઝોન–ઈન–ચાર્જ ભાઈ હીરેન શાહે સ્વાગત પ્રવચન આપ્યું. કાર્યક્રમના અન્ય વક્તાઓ હતા, ભાઈ સુરેશ રાજગોપાલન, ડૉ. સુરેંદ્ર અગ્રવાલ, બહેન સૌમ્યા રાજગોપાલન, બહેન વિભા રાઠોડ અને ભાઈ વિલાસ ભોન્ડે.

## અંધશ્રધ્ધા અને આધ્યાત્મિક વિકાસ ઉપર ચર્ચા, જયપુર (એ.પી.)

"અંધશ્રધ્ધા અને આધ્યાત્મિક વિકાસ" વિષય પર જયપુર કેન્દ્રના અભ્યાસીઓએ ૩૧મી ઑક્ટોબર, ૨૦૧૦ના રોજ ચર્ચા કરી હતી. તેમાંના ઘણાંએ પોતાના અનુભવો જણાવ્યા કે જે ભૂતકાળની માન્યતાઓ અને રિવાજોના પરિણામો હતા અને માસ્ટરના માર્ગદર્શનથી તે અવસ્થામાંથી પોતે કેવી રીતે બહાર આવ્યા, તે જણાવ્યું હતું. કેટલાંક નવા અભ્યાસીઓને નવાઈ લાગી કે આવું કેવી રીતે શક્ય છે. વડીલ અનુભવીઓએ ખુલાસો કર્યો કે માત્ર નિયમિત અભ્યાસ અને તે સાથે પૂ.માસ્ટર પ્રત્યેની શ્રધ્ધા તેમને 'તેમની' તરફ લઈ જવામાં મદદ કરે છે. તે પછી મિશનના સાહિત્ય ઉપર અને તેમાં પણ ખાસ 'વ્હિસ્પર્સ ઓફ ધ બ્રાઈટર વર્લ્ડ' ઉપર ચર્ચા થઈ હતી. ચર્ચા દરમિયાન માસ્ટરનો પ્રેમ અને માર્ગદર્શન બધાએ અનુભવ્યા હતા.

## આધ્યાત્મિક રિટ્રીટ,અમદાવાદ

દિવાળીની રજાઓમાં અમદાવાદ કેન્દ્રે છ દિવસનો આધ્યાત્મિક રિટ્રીટનો કાર્યક્રમ આયોજીત કર્યો હતો. ગુજરાતના વિવિધ કેંન્દ્રોમાંથી આવેલા લગભગ ૧૨૫ અભ્યાસીઓએ આ તકનો લાભ લીધો હતો અને યોગાશ્રમ ખાતે રહ્યા હતા. દરરોજ બે સત્સંગોનું સંચાલન થતું હતું અને યોગ્ય સમયપત્રક સાથે વિવિધ પ્રવૃત્તિઓનું, જેવી કે યોગ, ડીવીડી જોવી, વ્યક્તિગત ધ્યાનની બેઠકો લેવી, અને 'ગોલ્ડન સાયલન્સ'(મૌન)નું આયોજન થયું હતું. સહભાગીઓએ સ્વયંસેવાનું કામ ખૂબ ઉત્સાહથી કર્યું હતું. ભાઈ સુરેશ રાજગોપાલને સાધના વિષે ચોખવટો કરી અને પ્રશ્નોત્તરીનું સંચાલન કર્યું હતું. તે પછી ભાઈ ધર્મેશ અને બહેન કસ્તુરીએ વીબીએસઈ અંગે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન ધ્યાનની કેટલીક પ્રારંભિક બેઠકો પણ અપાઈ હતી.

## પ્રકાશન ટીમ માટે વર્કશોપ, દક્ષિણ કર્ણાટક



૧૮મી અને ૧૯મી ડીસેમ્બર, ૨૦૧૦ દરમિયાન, બધાં અભ્યાસીઓને ક્ષમતાપૂર્વક અને અસરકારક રીતે પ્રકાશનો પહોંચે, તે માટે દક્ષિણ કર્ણાટકના કેંન્દ્રોના સ્વયંસેવકોને તાલીમ આપવા, મૈસુર આશ્રમ ખાતે બે દિવસના આવાસી પ્રકાશન વર્કશોપનું સંચાલન કરવામાં આવ્યું હતું. ૧૫ કેંન્દ્રોના લગભગ ૫૪ અભ્યાસીઓએ હાજરી આપી હતી. વર્કશોપનું પ્રયોજન સહભાગીઓને વિવિધ પ્રક્રિયાઓ જેવી કે વેચાણ, હિસાબી પધ્ધતિ, સ્ટોરના માલસામાનની ગણતરી, ઉધરાણી, અને મિશનના પ્રકાશનોની વહેંચણી વિશેની પ્રાથમિક સમજ આપવાનું હતું.

પ્રકાશન ખાતામાં તેમના સંબંધિત કેન્દ્રોના યોગ્ય કામકાજમાં અભ્યાસીઓને પ્રોત્સાહિત કરવા અને મદદ કરવા તેમને નિયમિત રીતે યાદ કરાવવાની યોજના કરવામાં આવી હતી.

## વડોદરા, ગુજરાત



૨૪મી ઑક્ટોબર, ૨૦૧૦ના રોજ, વડોદરા ખાતે એક ઓપન હાઉસનું સંચાલન કરવામાં આવ્યું હતું. અભ્યાસી સ્વયંસેવકોની મદદથી ઓ.એન.જી.સી કોલોની અને તેની આસપાસના વિસ્તારમાં લગભગ ૧૫૦૦ આમંત્રણો વહેચવામાં આવ્યા હતા. ઓ.એન.જી.સી સભાગૃહમાં સવારે ૭:૩૦ વાગે અભ્યાસીઓ માટે કાર્યક્રમની શરૂઆત રવિવારના સત્સંગથી થઈ હતી. આમંત્રિત મહેમાનો ૧૦:૩૦ વાગ્યાથી આવવાના શરૂ થયા હતા. પહેલા સત્રમાં "આધ્યાત્મિકતા– શા માટે" વિષય ઉપર રજૂઆત કરાઈ, જેમાં સંતુલિત અસ્તિત્વની જરૂરિયાત ઉપર ભાર મૂકાયો હતો. ભાઈ કમલેશ પટેલે સહજ માર્ગનું વિહંગાવલોકન કર્યું. તેમણે આધ્યાત્મિક યાત્રામાં ભાગ લેવા દરેકને આમંત્રણ આપ્યું. શ્રોતાગણે વક્તાઓને ખૂબ રસપૂર્વક સાંભળ્યા હતા. ચાના વિરામ દરમિયાન, પ્રશિક્ષકોએ અભ્યાસ શરૂ કરવા માગતા જિજ્ઞાસુ મહેમાનો દ્વારા પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા. આશ્રમનો નકશો અને પ્રશિક્ષકોના સંપર્ક માટેની માહિતી મહેમાનોને આપવામાં આવી હતી. હાજર રહેલા ૧૭૦ મહેમાનોમાંથી લગભગ ૮૦ મહેમાનોએ સહજ માર્ગમાં જોડાવામાં રસ દાખવ્યો હતો અને ઘણાએ પ્રારંભિક બેઠક પણ લીધી હતી.

# આખા દિવસના કાર્યક્રમો

## ચિન્નાવલ્લીકુલમ આશ્રમ, વિરુધુનગર, તામિલનાડુ

૩૧મી ઑક્ટોબર, ૨૦૧૦ના રોજ ચિન્નાવલ્લીકુલમ આશ્રમ, વિરુધુનગર ખાતે આખા દિવસનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં વિરુધુનગર, કોવિલપટ્ટી, અને કારિઆપટ્ટી કેંન્દ્રોના લગભગ ૪૪ અભ્યાસીઓ હાજર રહ્યા હતા. સવારના સત્સંગ પછી, 'ચારિત્ર્ય ગઠન' તથા 'નૈતિકતા અને સદાચાર' વિષયો ઉપરના પૂ.માસ્ટરના પ્રવચનો સંભળાવવામાં આવ્યા હતા. અભ્યાસીઓએ ચર્ચામાં તેમજ પ્રશ્નોત્તરીના સત્રમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## મદુરાઈ આશ્રમ, તામિલનાડુ



૩૧મી ઑક્ટોબરના રોજ યોજાયેલા કાર્યક્રમમાં મદુરાઈ અને તેની આસપાસના કેન્દ્રોના લગભગ ૫૦૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. ભાઈ પી.પલાનીઅપ્પને પ્રારંભિક વક્તવ્ય આપ્યું હતું અને તેમણે પૂ.માસ્ટરના પ્રવચનોને ધ્યાનપૂર્વક સાંભળવાની, તેને હૃદયમાં આત્મસાત કરવાની અને આધ્યાત્મિક વાતાવરણને માણવાની વિનંતી કરી હતી. બહેન એ.શાંતાકુમારીએ 'સહજ માર્ગના મૂળ તત્ત્વો' ઉપર બહેન એસ.પલાનીઅમ્મલે 'અભ્યાસ' ઉપર બહેન એ.જી.થંગમે 'દસ નિયમો અને અને તેની જીવનમાં ભૂમિકા' ઉપર તથા બહેન લતા શીવારામને 'આધ્યાત્મિક પરિવર્તન' ઉપર વાર્તાલાપ કર્યો હતો. ભાઈ પી.પલાનિઅપ્પને 'ચારિત્ર્ય ગઠન' વિષય ઉપરના ૯મી ઑક્ટોબરના રોજ મણપાક્કમ ખાતે અપાયેલા પૂ.માસ્ટરના પ્રવચનને વિગતવાર સમજાવ્યો હતો. કાર્યક્રમનું સમાપન સત્સંગથી થયું, જેથી વિચારોને મજબૂત કરવાની મદદ મળી હતી.

૧૪મી નવેમ્બરના રોજ, ઝોન-ઈન-ચાર્જ ભાઈ ટી.વી.વિશ્વનાથ રાવે આશ્રમના અભ્યાસ-સ્થળના ઉદ્ઘાટન સમારોહ માટે મદુરાઈ આશ્રમની મુલાકાત લીધી હતી. ૫૦૦થી ઉપર હાજર રહેલા અભ્યાસીઓના રવિવારના સત્સંગ બાદ, તેઓ 'ચારિત્ર્ય ગઠન' ઉપર પૂ.માસ્ટરની પ્રાણાહુતિ દ્વારા આવતા પરિવર્તનને અનુરૂપ એક આધ્યાત્મિક માનવ તરીકે કેવી રીતે વર્તવું, તેના ઉપર ભાર મૂક્યો હતો. અભ્યાસ-સ્થળની છાપરી ડબલ્યુ. એચ. ક્યુ દ્વારા પૂરા પડાયેલા જી.આઈ પતરામાંથી ઊભી કરવામાં આવી છે. આ સમારંભમાં બાળદિન ઉપર આ પ્રસંગને ઉજવવા બાળકોના થોડા કાર્યક્રમોનું સંચાલન કરવામાં આવ્યું હતું. લગભગ ૭૦ બાળકોએ તેમના માતા-પિતા સાથે આનંદસભર અને જવાબદારીપૂર્વક ભાગ લીધો હતો.

## હરદોઈ, ઉત્તરપ્રદેશ

૫મી ડિસેમ્બરના રોજ હરદોઈ કેન્દ્ર ખાતે એક સમૂહ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાઈ સંજય દ્વારા સંચાલિત આ ચર્ચામાં ઘણા અભ્યાસીઓએ ભાગ લીધો હતો. સહભાગીઓને જૂથમાં વહેંચી દેવામાં આવ્યા હતા. વિષય હતો, 'અભ્યાસીની આધ્યાત્મિક ઉન્નતિ.' જૂથના સભ્યોએ ચર્ચા દરમિયાન તેમના બધા મુદ્દાઓને સાવધાનીપૂર્વક નોંધ્યા હતા. દરેક જૂથ તેમની ચર્ચાના સારાંશ અને ઉપસંહાર સાથે થોડી મિનીટો માટે બોલ્યું હતું. સમાપન સત્રમાં આપણા વહાલા માસ્ટર માટે કૃતજ્ઞતા અને ભાઈચારાની ઉષ્મા અનુભવાઈ હતી. ભાઈ સંજયે આ હૃદયસ્પર્શી સત્રમાં જોડાવા માટે, બધા સહભાગીઓનો આભાર માન્યો હતો.

## રામનાથપુરમ

૨૧મી નવેમ્બરના રોજ રામનાથપુરમ ખાતે કાર્યક્રમનું સંચાલન થયું હતું. રામનાથપુરમ, પરમકુડી, મનમદુરાઈ અને શિવગંગાઈ કેંન્દ્રોના પ્રશિક્ષકો સાથે લગભગ ૪૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. 'સહજ માર્ગના અભ્યાસી તરીકે આપણે શેને માટે ગર્વ અનુભવીએ છીએ?' તે વિષય ઉપર ચર્ચા બાદ પૂ.માસ્ટરનો 'આધ્યાત્મિકતાની અગત્યતા' ઉપરનો વીડીયો દર્શાવવામાં આવ્યો હતો.

## શીવગંગાઈ

આ કેન્દ્રે ૨૮મી નવેમ્બરના રોજ શિવગંગાઈ, મનમદુરાઈ, પરમકુડી, રામનાથપુરમ અને મદુરાઈ કેન્દ્રના લગભગ ૯૦ અભ્યાસીઓ માટે એક કાર્યક્રમ રાખ્યો હતો. પૂ.માસ્ટરના એ કથન પ્રમાણે, "જો તમે સહજમાર્ગને યોગ્ય રીતે સમજશો નહીં, તો તમે સહજ માર્ગનો અભ્યાસ યોગ્ય રીતે કરી શકશો નહીં," તેને અનુસરતા વિષયો, જેવા કે, 'ધ્યાન શું છે?', 'ધ્યાનની અગત્યતા', 'સહજમાર્ગ ધ્યાન' અને 'ધ્યાનનું મૂલ્ય' કાર્યક્રમ દરમિયાન ચર્ચાયા હતા.


શીવગંગાઈ


વિરુધુનગર


હરદોઈ


નીઝામાબાદ


નેત્રમપલ્લી

## તિરુપ્પુર ખાતે આખા દિવસનો કાર્યક્રમ

૧૨મી ડિસેમ્બરના રોજ, ડી.જે. પાર્ક, તિરુપુર ખાતે આખા દિવસના કાર્યક્રમનું આયોજન થયું હતું. રવિવારના સત્સંગ પછી, ઝોન–ઈન–ચાર્જ ભાઈ ટી.વી.વિશ્વનાથ રાવે આપણા માસ્ટરના તાજેતરના એશિયા પરિસંવાદ દરમિયાન અપાયેલા ભાષણ 'કરો યા મરો'નો ઉલ્લેખ કરીને પ્રારંભિક પ્રવચન આપ્યું હતું. આખા દિવસના કાર્યક્રમનો વિષય હતો, 'ચારિત્ર્ય ગઠન.' ભાઈ શ્રી આર. સુંદરમે વિષય ઉપર પરિચયાત્મક ભાષણ આપ્યું. વક્તાઓ દ્વારા ચારિત્ર્ય ગઠનની બુનિયાદને ઉપસાવતા ઘણા મુદ્દાઓ વિશે વિગતવાર ખુલાસા કરવામાં આવ્યા હતા. આખા દિવસનો કાર્યક્રમ તેમને ઘણો લાભદાયક રહ્યો હતો.

## બાંસવાડા, નીઝામાબાદ ખાતે વિદ્યાર્થીઓને સંબોધન

૧૧મી ડિસેમ્બરના રોજ, નીઝામાબાદ જીલ્લાના બાંસવાડાની શ્રી કૃષ્ણાવેની ટેલેન્ટ શાળાના વિદ્યાર્થીઓ માટે "મૂલ્યો અને આધ્યાત્મિકતા" ઉપર વ્યાખ્યાનની ગોઠવણ કરવામાં આવી હતી. સમૂહમાં કાર્ય કરવાની ભાવનાનો સંદેશ બાળકો દ્વારા રમાતી સાદી રમતો થકી પહોંચાડાયો હતો. આ કાર્યક્રમમાં ધોરણ ૧ થી ૯ના ૪૦૦થી વધારે વિદ્યાર્થીઓએ અને ૧૬ શિક્ષકોએ ભાગ લીધો.

બાંસવાડાની સાંઈ કીર્તિ જુનીયર કોલેજે પણ તેના ઉપસ્નાતક વિદ્યાર્થીઓ માટે તેના જેવો જ કાર્યક્રમ આયોજીત કરવા આપણા મિશનને આમંત્રણ આપ્યું હતું. ૧૦૦થી વધારે વિદ્યાર્થીઓ અને ૨૦ જેટલા અધ્યાપકોએ આદાન પ્રદાનના આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જીવનમાં સંતુલનની જરૂરિયાત, માનવ–મૂલ્યો અને આધ્યાત્મિકતા જેવા વિષયો સાદા પ્રયોગો થકી વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યા હતા

## .સહજ માર્ગના સૈનિકો, દક્ષિણ કર્ણાટક

નેત્રમપલ્લી આશ્રમ, તામિલનાડુ ખાતે ૧૩મી અને ૧૪મી નવેમ્બરના રોજ દક્ષિણ કર્ણાટકના ૪૭ અભ્યાસીઓ માટે બે દિવસનો આવાસી કાર્યક્રમ, 'સહજ માર્ગના સૈનિકો' આયોજીત કરવામાં આવ્યો હતો.

પૂ.માસ્ટરે બેંગ્લોર ખાતે એપ્રિલ, ૨૦૦૪માં આપેલા પ્રવચન 'આધ્યાત્મિકતાના સૈનિકો' ઉપરથી કાર્યક્રમની પ્રેરણા મળી હતી. તેમણે કહ્યું હતું, "તો, મહેરબાની કરીને તેને માટે તૈયાર રહો, તે મુશ્કેલ છે, પણ આપણને આધ્યાત્મિકતાના સૈનિકો જોઈએ છે..આપણે માત્ર આપણા સંસ્કારોને, આપણી ખરાબ આદતોને, આપણી નકારાત્મક વિચારસરણીને જ દૂર કરીએ છીએ અને આથી આપણે આપણા પોતાનામાંથી દિવ્ય વ્યક્તિઓ તરીકે બહાર આવીએ છીએ."

કાર્યક્રમનું પ્રયોજન દક્ષિણ કર્ણાટકમાં સહજ માર્ગના સૈનિકો તરીકે સેવા આપવા માટે ઉત્સાહનું સર્જન કરવાનું અને સ્વયંસેવકોની મજબૂત ટીમ ઊભી કરવાનું હતું.

કાર્યક્રમમાં આદાન પ્રદાન કરવા માટે પાંચ સત્રો હતા: સહજ માર્ગની રીતે જીંદગીને કેવી રીતે દોરવી, ઉદાહરણરૂપ બનવું – સ્વયંસેવક માટે એક અસરકારક અને સક્ષમ ઉપાય, અભ્યાસીનું વ્યક્તિત્વ, અને સહજ માર્ગના અભ્યાસ માટે સાચા અને અસરકારક ઉપાયો.

અભ્યાસીઓને, એક અભ્યાસીના આદર્શ ગુણોની યાદી બનાવવાનું કહેવામાં આવ્યું હતું. તેમને લાગ્યું કે સહજ માર્ગ એક સરળ પધ્ધતિ હોવા છતાં માનવ સંપૂર્ણતા એ એક કપરું કામ છે અને તેને માટે અભ્યાસી તરફથી ખૂબ જ સમર્પણ જરૂરી છે. તેમને એવું પણ લાગ્યું કે આ કાર્યક્રમ, તેમનો સાધના પ્રત્યેનો અભિગમ બદલી નાખશે અને તેઓ નિયમિત રીતે અભ્યાસ કરવાનો શરૂ કરશે.

## અભ્યાસીઓ માટે કાર્યશાળા– મેંગ્લોર

ભાઈ મોહનદાસે ૧૭મી ઑક્ટોબરના રોજ મેંગ્લોરના ૩૨ અભ્યાસીઓ માટે કાર્યશાળાનું સંચાલન કર્યું હતું, જેમાં 'મારા માસ્ટર, મારી પધ્ધતિ અને મારું મિશન' વિષય ચર્ચવામાં આવ્યો હતો. 'જીવનમાં ગુરુની અગત્યતા'ની ડીવીડી દર્શાવવામાં આવી હતી. તેમણે 'સહજ માર્ગના ગુરુદેવો' અને માનવતાની આધ્યાત્મિક ઉન્નતિમાં તેમના ફાળા ઉપર પ્રેઝન્ટેશન આપ્યું હતું. તેના પછી 'મારી પધ્ધતિ'નું પ્રેઝન્ટેશન આપ્યું હતું. આપણા અભ્યાસના મુખ્ય તત્વો વિષે ખુલાસો કરવામાં આવ્યો હતો. તેમણે સ્વયંસેવકના કામ ઉપર ભાર મૂક્યો હતો. 'ગુરુ અને શિષ્ય' ઉપર ડીવીડી દર્શાવવામાં આવી અને તેના પછી વિવિધ વિષયો ઉપર સમૂહચર્ચા રાખવામાં આવી હતી. ભાઈ મોહનદાસે ચારિત્ર્યગઠન ઉપર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે પોતાના બાહ્ય વર્તણૂંકમાં પરિવર્તન લાવવાની જવાબદારી અભ્યાસીની પોતાની છે.

સમાપન નોંધમાં ભાઈ કે.રાધાક્રીષ્નાએ કહ્યું કે આ વર્કશોપ ત્રણ M(માસ્ટર, મેથડ, મિશન)ની વધારે સારી સમજ માટે છે. માનવજીવનના લક્ષ્યને સૌથી ઝડપી રીતે પ્રાપ્ત કરવા, ખંતથી અભ્યાસ કરવો જોઈએ, જેની અપેક્ષા પૂ.માસ્ટર આપણી પાસેથી રાખે છે.



# દિવ્ય પ્રકાશનું કેન્દ્ર

## કરીમનગર આશ્રમ








આન્ધ્રપ્રદેશમાં આવેલું કરીમનગર એ જિલ્લાનું મુખ્ય મથક છે, તેમજ તે એસઆરસીએમ.ના જૂના સેન્ટરમાંનં એક સેન્ટર છે. ધમધમતા આ નગરમાં બે આશ્રમો છે. જૂનો આશ્રમ, મનકમ્મા થોટા, શહેરમાં જ આવેલો છે, જ્યારે નવો આશ્રમ શહેરથી ૧૫ કિ.મી. દૂર હૈદ્રાબાદના એન–એચ–૭ હાઈવેની બાજુમાં આવેલો છે. કરીમનગરમાં સહજમાર્ગની શરુઆત ૧૯૭૫માં થઈ હતી. શરુઆતમાં સત્સંગ ભાઈ એન.એસ.રાજુના ઘરે થતો હતો. ૪થી જુલાઈ, ૧૯૭૯ ના રોજ પૂ.બાબુજી મહારાજે કાયમી ધ્યાનખંડ બાંધવાની મંજૂરી આપી હતી.



### મનકમ્મા થોટા આશ્રમ

સને ૧૯૮૦માં, આશરે ૧૦૦૦ વાર જમીન ખરીદવામાં આવેલી, જેના પર પૂ.માસ્ટરે જાન્યુઆરી ૧૯૮૭માં આશ્રમ બાંધવાની પરવાનગી આપી હતી. આશ્રમનું બાંધકામ ૧૯૯૦માં પૂર્ણ થયું હતું.



પૂ.માસ્ટરે ૯મી ઓક્ટોબર, ૧૯૯૧ના રોજ આશ્રમનું ઉદઘાટન કર્યું હતું. તેમાં ૯ ગૂઠા જમીન ઉપર સીમેન્ટનું પાકું બાંધકામ કરવામાં આવ્યું હતું. તેમાં ૫૦ x ૭૦ ફૂટનો ધ્યાનખંડ, રસોડું, સ્નાનઘર, લાયબ્રેરી કે જેમાં આશરે ૫૦૦ પુસ્તકો, ઓડીઓ / વીડીઓ સીડીઝ / ડીવીડીઝ વગેરે વસાવવામાં આવ્યું છે, તેમજ પૂ.માસ્ટર માટે એક સુસજ્જિત રૂમનો સમાવેશ થાય છે.

### પાર્થસારથીનગર ખાતે આશ્રમ

પૂ.માસ્ટરે ૫મી એપ્રિલ ૨૦૦૪ના રોજ આ આશ્રમ અને સાથેની વસાહતનું ઉદઘાટન કર્યું હતું. આશરે ૧૬.૫ એકર જમીન ખરીદવામાં આવી હતી, જેમાંથી ૪.૫ એકર જમીન આશ્રમ માટે સર્મપિત કરેલ છે.



આશ્રમમાં ૩૦૦ અભ્યાસીઓ બેસી શકે એવી ક્ષમતા ધરાવતો ૫૦ x ૭૦ ફૂટનો ધ્યાનખંડ, રસોડું, ભોજનખંડ, લાયબ્રેરી અને સ્નાનઘરના બાંધકામનો સમાવેશ થાય છે. તે ઉપરાંત, પૂ.માસ્ટર માટે એક સુસજ્જિત રૂમનો અને તેની બાજુમાં મહેમાન માટેના રૂમનો સમાવેશ થાય છે. પૂ.માસ્ટરે તેમના ઉદઘાટન પ્રવચનમાં જણાવ્યું હતું કે "આપણે આપણા ઘરમાં વૈંકુઠ (સ્વર્ગ) જોઈએ છે. તે ત્યારેજ શક્ય બને કે જ્યારે તમે એવું હૃદય વિકસાવો કે જેથી તમારે વૈંકુઠ જવાને બદલે વૈંકુઠ તમારા ઘરમાં આવે. એવું હૃદય વિકસાવવા, તમારે આ પ્રકારના સ્થળની મુલાકાત લેવી પડે."

પૂ.માસ્ટરે આ વર્ષોમાં વારંવાર કરીમનગરની મુલાકાત લીધેલી છે, જેમકે માર્ચ ૧૯૮૭, ફેબ્રુઆરી ૧૯૮૯, ઓક્ટોબર ૧૯૯૧, ડિસેમ્બર ૧૯૯૪, ઓક્ટોબર ૧૯૯૭, ફેબ્રુઆરી ૨૦૦૨ અને છેલ્લે એપ્રિલ ૨૦૦૪. એક મુલાકાતમાં તેમણે જણાવ્યું હતું કે કરીમનગર તેમના માટે "કરીબનગર" છે, એટલે કે હૃદયની નજીક છે. તેમની મુલાકાતો દરમિયાન તેમણે ઘણાં પ્રવચનો આપ્યા છે, જેમાં તેઓ વચ્ચે તેલુગુમાં બોલતા હતા, જેની અભ્યાસીઓ આતુરતાથી રાહ જોતા હતા. અહીં બે આખા દિવસનો કાર્યક્રમ યોજવામાં આવે છે: એક, મહિનાના બીજા રવિવારે પાર્થસારથીનગર આશ્રમમાં અને બીજો, મહિનાના છેલા રવિવારે, મનકમ્મા થોટા આશ્રમમાં. અહીં આશરે ૨૫૦ અભ્યાસી અને ૭૦ બાળકો માસિક કાર્યક્રમોમાં નિયમિત ભાગ લે છે.

આશ્રમના બધા કાર્યક્રમો માટે પૂ.માસ્ટરે એક વાર કહ્યું હતું કે "હું આશા રાખું છું કે તમે બધા અહીં આવીને ધ્યાન કરવાની જરૂરિયાતને સારી રીતે સમજો, જે ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે કે જેનાથી તમારા હૃદયનો વિકાસ થાય, સફાઈ દ્વારા સ્થૂળતાને ખસેડી શકાય, જેથી તમે એવું યોગ્ય સ્થાન બનાવી શકો કે જ્યાં મારા ગુરુજી આવે અને હંમેશ માટે વસવાટ કરે."

To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org
© 2011 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.